# આખો સાચો ચોખ્ખો એકજ મહાચિદાકાશઆત્મા મહાચિદાકાશ કૈવલ્ય ABSOLUTE

આખું મહાચિદાકાશ છે મહાચિદાકાશ પોતામાં પોતેજ છે મહાચૈતન્ય આકાશ. મહાચિદાકાશ ઉપર કાંઈ નથી મહાચિદાકાશ વિના કાંઈ નથી કોઈ જગ્યા નથી જ્યાં મહાચિદાકાશ નથી મહાચિદાકાશમાં અલગ બીજું કોઈ નથી અલગ બીજું કાંઈ નથી અલગ બીજું કાંઈ થતું નથી મહાચિદાકાશ મહાચિદાકાશજ છે સત્શાસ્ત્રો સત્પુરુષો એમના સદુપદેશમાં મહાચિદાકાશના બોધમાં ઉપદેશમાં જ્ઞાનમાં एकम् सत् विप्रा बहुधा वदन्ति જુદા જુદા શબ્દોથી વર્ણવે છે કોઈ એને મહાચિદાકાશ કહે છે કોઈ પરમાકાશ કહે છે કોઈ પરબ્રહ્મ કહે છે કોઈ પરમાત્મા કહે છે કોઈ સચ્ચિદાનંદસ્વરૂપ કહે છે સત્ય ચૈતન્ય આનંદ એનું કેવળપણુ કહે છે કૈવલ્ય કેવળ મહાચિદાકાશ છે મહાચિદાકાશમાં કેવળ મહાચિદાકાશ છે

જેમ સૂર્યમાં કેવળ સૂર્યજ છે બીજું કાંઈ નથી જેમ આકાશમાં કેવળ આકાશજ છે બીજું કાંઈ નથી જેમ વાયુમાં કેવળ વાયુજ છે બીજું કાંઈ નથી જેમ અનંત પૂર્ણ જળ મહાસાગરમાં કેવળ જળજ છે બીજું કાંઈ નથી જેમ પૃથ્વીમાં કેવળ માટીજ છે બીજું કાંઈ નથી એમ મહાચૈતન્ય આકાશમાં કેવળ મહાચૈતન્ય આકાશજ છે બીજું કાંઈ નથી કેવળ કેવળ કેવળ એટલે આખું પોતેજ એકલું પોતેજ આમ ભરેલું કોઈ જગ્યા નથી મહાચિદાકાશમાં કે એના વિના બીજું કાંઈ સંભવે એમાં એજ છે એમાં બીજું કાંઈ સંભવતુંજ નથી આ મહાચિદાકાશ પોતે પોતાની મેળે પોતામાં જે કંઈ આ સઘળું ભાસી રહ્યું છે દ્રષ્ટા દર્શન દ્રશ્ય એ ભાસમાત્ર પણ પોતેજ છે જેમ અનંત પૂર્ણ જળ મહાસાગરનું જળ ભાસમાત્ર અનંત મોજાંરૂપે પોતેજ છે એટલે વાસ્તવમાં અનંત પૂર્ણ જળજ છે એજ અનંત મોજાં છે એમ અનંત પૂર્ણ મહાચિદાકાશ છે એ પોતેજ આ અનંત દ્રશ્ય છે દ્રષ્ટા દર્શન દ્રશ્ય પણ એક વસ્તુ ખાસ કે એ પોતાના મૂળ કેવળ શુધ્ધ સ્વરૂપે કેવળ મહાચિદાકાશ છે અનંત પૂર્ણ જળ

એના વાસ્તવિક સ્વરૂપે અનંત પૂર્ણ જળજ છે જળ ઘન જળ એકરસ અનંત એકરસ જળ વિના બીજું કાંઈ નથી અને બીજું કાંઈ સંભવતું નથી એમ અનંત પૂર્ણ પરમ ચૈતન્ય ઘન ભરેલું એકરસ સમાન નિરંજન નિરાકાર નિર્વિકાર એની અંદર કાંઈ ઉત્પન્નેય થતું નથી કાંઈ લયે પામતું નથી કાંઈ સ્થિતિયે કરતું નથી એક અનંત પૂર્ણ પરમ ચૈતન્ય મહાચૈતન્ય આકાશ પોતામાં અનંત ભાસરૂપે ભાસે છે એ એનું વાસ્તવિક સ્વરૂપ નથી બસ એટલું ખાસ ભૂલ ન થાય આટલું તો માણસમાં CLEAR ચોખ્ખું હોવુંજ જોઈએ કે મહાચિદાકાશ કેવળ મહાચિદાકાશ છે બાકીનો આ સઘળો મહાચૈતન્યનો આભાસમાત્ર છે જેમ અરીસામાં પ્રતિબિંબ અરીસાની અંદરજ હોય એવું ભાસે છે પણ અરીસોજ છે કેવળ અરીસો છે પ્રતિબિંબ કાંઈ નથી એ ભાસમાત્રજ છે તમે પ્રતિબિંબને પકડવા જાઓ તો તમારા હાથમાં કાંઈ ન આવે એમ આ મહાચિદાકાશ અરીસો છે અને આ આખું દ્રશ્ય એમાં પ્રતિબિંબ છે ભૂલ ક્યાં થાય છે માણસ પ્રતિબિંબને પકડવા જાય

છે એટલે હાથમાં કાંઈ આવતું નથી અને જો પોતેજ મહાચિદાકાશ અરીસો છે અને એમાં આ આખું જગતરૂપી પ્રતિબિંબ કાંઈ નથી એમ પોતે સાચો અને ચોખ્ખો અરીસો કેવળ સ્વસ્વરૂપ કેવળ મહાચિદાકાશ છે એ સહજ છે અને સહજ રહે અને પ્રતિબિંબ કાંઈ નથી એવો સહજ રહે એને કદી કોઈ દુ:ખજ નથી પોતાનું જે સાચું અને શુધ્ધ સ્વરૂપ છે કેવળ સ્વસ્વરૂપ કેવળ મહાચિદાકાશ છે એને ભૂલીને જો પોતામાં આ જે ભાસમાત્ર પ્રતિબિંબ છે આ દરેક જે અનંત જીવ જગત છે જે એના ઉત્પત્તિ સ્થિતિ લય છે જે આના અનેક જુદા જુદા નામરૂપ છે જે કંઈ હોય જે કંઈ ભાસતું હોય આ સઘળું ભાસમાત્રજ છે આટલું તો નિશ્ચિત થઈજ જવું પડે ચોક્કસ ચોક્કસ SURE કે પોતેજ કેવળ મહાચિદાકાશઆત્મા છે સર્વાત્મા છે આખો એકજ આત્મા છે એ વ્યક્તિગત નથી હું મહાચિદાકાશ છું એમ નહીં જે કાંઈ છે તે સઘળું એના વાસ્તવિક સ્વરૂપે કેવળ મહાચિદાકાશ છે અને ભાસમાત્રરૂપે કોઈ કાંઈ નથી આખો અરીસો છે એ સાચો છે અને આખું પ્રતિબિંબ છે એ કાંઈ

નથી એમ આખો મહાચિદાકાશ અરીસો આખો એકજ આત્મા છે જે દરેક આ પ્રતિબિંબ છે ત્યાં આગળ જોવામાં આવે તો વાસ્તવિક સ્વરૂપે એ આખો અને ચોખ્ખો એકજ અરીસો છે એમ આ બધું દ્રશ્ય છે જે ભાસમાત્ર આ બધું જીવ જગત છે એના જન્મમરણ સુખદુ:ખ છે અને એના જે કંઈ જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ છે જે કંઈ ભેદાભેદ છે જે અનેક જુદું જુદું છે જે થાય છે બદલાય છે જાય છે એમાં જે કંઈ તમને લાગતું હોય મોટું નાનું વધુ ઓછું સારું ખોટું પણ આ ભાસમાત્રજ છે ત્યાં જુઓ તો વાસ્તવિક સ્વરૂપ એ મહાચિદાકાશ સાચો અને ચોખ્ખો અરીસો એજ એકજ આત્મા મહાચિદાકાશ આતો તમને પાક્કું થઈજ જવું જોઈએ અને આ ગમે તેવું પ્રતિબિંબ હોય સારું ખોટું મોટું નાનું વધુ ઓછું ગમે તેવું થતું જતું હોય રહેતું હોય બદલાતું હોય ગમે તે થતું હોય પણ એ કોઈ પ્રતિબિંબ કાંઈ નથી અને આખો મહાચિદાકાશ અરીસો એકજ આત્મા છે તો દરેક જ્યાં પ્રતિબિંબ હોય અને પ્રતિબિંબમાં એવું હોય કે હું આ છું એ પ્રતિબિંબ ત્યાં પોતાના

વાસ્તવિક સ્વરૂપને જુએ તો ત્યાં હું આ છું એ પ્રતિબિંબ ધરમૂળ નથી અને ત્યાં પેલો આખો અને ચોખ્ખો એકજ અરીસો છે મહાચિદાકાશ પોતે મહાચિદાકાશ છે આ હું છું એ પ્રતિબિંબ પોતે નથી આ ખોટો હું છે અને મહાચિદાકાશ બધાનો સાચો હું એકજ છે બહુ CLEAR ચોખ્ખું છે એકદમ DISTINCT ચોખ્ખું કોઈ માણસ વસિષ્ઠને સાંભળે અને પોતેજ કેવળ મહાચિદાકાશ ન રહે એવું સંભવેજ નહીં GUARANTEE સંપૂર્ણ ખાત્રી અને કોઈ માણસ હું આ પ્રતિબિંબ છું પકડી રાખે અને એને શાંતિ થાય એ કદી સંભવેજ નહીં એ પણ GUARANTEE સંપૂર્ણ ખાત્રી કોઈ માણસ પોતામાં પ્રતિબિંબ છે હું આ જીવ છું અને આ જગત છે આ પ્રતિબિંબને પકડી રાખે તો એને કાંઈ ન મળે કદી કોઈને મળ્યું નથી અને કદી કોઈને મળશે નહીં સ્વપ્ન કોઈ વસ્તુ નથી ઝાંઝવાનું જળ કોઈ વસ્તુ નથી એમ અરીસામાં પ્રતિબિંબ કોઈ વસ્તુ નથી અરીસો છે પ્રતિબિંબ નથી એમ મહાચિદાકાશઆત્મા એકજ આત્મા પોતે સાચો બધાની અંદર સાચો પોતે

મહાચિદાકાશ છે એકજ પછી એમાં હું ને તું ને તે નથી આ ને પેલું ને પેલું ને બીજું નથી અરીસો એકજ છે પ્રતિબિંબો અનેક છે પણ અરીસોજ છે પ્રતિબિંબો કાંઈ નથી જો હૈ સો હૈ ચિદાકાશ અરીસો છે ચિદાભાસ પ્રતિબિંબ નથી આટલું તો CLEAR ચોખ્ખા થઈજ જવું પડે અને જો તમે ચિદાભાસ ગણો તો તમે ચિદાકાશ ઓળખ્યુંજ નહીં પોતાનું સ્વરૂપ સાચું સ્વરૂપ શુધ્ધ સ્વરૂપ જે મહાચિદાકાશ છે પરમાકાશ છે પૂર્ણબ્રહ્મ છે કૈવલ્ય છે સચ્ચિદાનંદ છે જો હૈ સો હૈ એને જેણે ઓળખ્યું છે તે મહાચિદાકાશજ છે. ઓળખવું કેમ કીધું ? એતો પોતે છેજ પણ એ પોતે પ્રતિબિંબરૂપ થઈ ગયો છે એટલે કહેવું પડે કે અરીસો ઓળખો તમે અરીસો છો પ્રતિબિંબ નથી એટલે કહેવું પડે છે નહીં તો અરીસો તો અરીસોજ છે અરીસાને કાંઈ પોતાને ઓળખવાનો નથી મહાચિદાકાશ અરીસો તો મહાચિદાકાશ અરીસોજ છે એને કાંઈ પોતાને ઓળખવાનો નથી એતો પોતે છેજ સદાય છે એકજ છે એનો તો એમાં તો કોઈ આદિ મધ્ય અંત નથી કોઈ ભેદાભેદ

નથી સદા એકરૂપ ALL IS ONE બધું એક છે જો જે માણસ છે એ ભલે માણસરૂપે દેખાય અને એમ લાગતું હોય કે માણસરૂપે એ સામાન્ય સ્વાભાવિક એ વર્તે છે અગર તો એ માણસરૂપે બધું જુએ છે જાણે છે અને કામ કરે છે પણ એ જાણતો હોય કે પોતે મહાચિદાકાશ અરીસો છે અને પોતાનું કે કોઈનું આ કોઈ પ્રતિબિંબ ધરમૂળ કાંઈ નથી તો એ કેવળ મહાચિદાકાશજ છે પ્રતિબિંબરૂપ માણસ નથી જેમકે આ સદાશિવ વસિષ્ઠ કાકભુશુંડ સરસ્વતી વાલ્મીકિ રામ આ લોકો કેવા છે કે પ્રતિબિંબરૂપે દેખાય છે આ આખા જગતરૂપી પ્રતિબિંબમાં પણ અરીસારૂપે રહેલા છે મહાચિદાકાશ અરીસારૂપે આત્મારૂપે પ્રતિબિંબ અનાત્મા છે અરીસો આત્મા છે અનાત્મા એટલે જે અન્ આત્મા - આત્મા નથી તે અન્ એટલે નહીં જે આત્મા નથી તે અને આત્મા એટલે સ્વરૂપ મહાચિદાકાશ અરીસો સ્વરૂપ છે આ આખું જગત બ્રહ્માથી થૂંમડા તૃણ સુધી એ પ્રતિબિંબ છે કાંઈ નથી માણસ કેમ નિષ્ફળતા નિરાશાને અનુભવે છે જે કાંઈ નથી

એમાં કાંઈક શોધે છે એટલે નિષ્ફળતા નિરાશા મળે છે સ્વપ્નમાં કાંઈક શોધે છે ઝાંઝવાના જળમાં કાંઈક શોધે છે એમાં સ્વપ્ન અને ઝાંઝવાના જળ જેવા પ્રતિબિંબરૂપ જગતમાં જે આ હું કાંઈ નથી અને જે આ જગત કાંઈ નથી એમાં કાંઈક શોધે છે પણ એ પ્રતિબિંબ કાંઈ નથી એટલે શૂન્યતા નથી મહાચિદાકાશ અરીસાની પૂર્ણતાજ છે કૈવલ્ય મહાચિદાકાશ સહજ પૂર્ણ સ્વરૂપ એતો સહજ છે પૂર્ણ છે અને સ્વરૂપ છે છેજ કૈવલ્ય કેવળપણુ છે સ્વરૂપ નથી એવું નથી સાચું અને શુધ્ધ સ્વરૂપ પૂર્ણ છે સહજ છે કેવળ છે મહાચૈતન્ય આકાશ એટલે શૂન્યતા નથી કોઈને એમ થાય કે તો પછી હું આ પ્રતિબિંબ અને આ જગત પ્રતિબિંબ અને એમાં આપણે જે કરીએ છીએ તો કાંઈક થાય છે એ કાંઈ નથી તો પછી શૂન્ય ન રહે ! ના. પ્રતિબિંબ કાંઈ નથી રહે એટલેજ આખો અને ચોખ્ખો પોતાનો અરીસો રહે એતો રહેલોજ છે નવો આવતો નથી પ્રથમથી છે પ્રતિબિંબ કે ન પ્રતિબિંબ પ્રતિબિંબ ન હતું તોય અરીસો છે અને પ્રતિબિંબ આખું ગાયબ થઈ જાય તોય અરીસો છે

મહાચિદાકાશમાં આ આખું અનંત કોટિ બ્રહ્માંડોનું પ્રતિબિંબ હો કે ન હો મહાચિદાકાશ અરીસો મહાચિદાકાશ અરીસોજ છે એકજ આત્મા અને પોતેજ છે દરેક પ્રતિબિંબ જે અંદર પોતાના વાસ્તવિક સ્વરૂપનું અવલોકન કરે ઓળખે એને જાણે સંપૂર્ણ અનુભવે તો પોતે પ્રતિબિંબ નથી અરીસો છે પોતે હું આ જીવ છું અને આ જગત છે એ પ્રતિબિંબ નથી કેવળ સ્વસ્વરૂપ કેવળ મહાચિદાકાશ છે હું કોણ છું ? બધાની અંદર બધું આ બધું પ્રતિબિંબ છે અને બધા પ્રતિબિંબની અંદર આ બધું પ્રતિબિંબ કાંઈ નથી અને બધા પ્રતિબિંબની અંદર કેવળ સ્વસ્વરૂપ કેવળ મહાચિદાકાશ છે ભાગરહિત અનંત પૂર્ણ મહાચિદાકાશ છે સ્વયંસિધ્ધ સ્વયંપ્રકાશ સ્વયંપૂર્ણ સ્વસ્વરૂપ મહાચિદાકાશ સ્વયંપ્રકાશ સંપૂર્ણપ્રકાશ આખું મહાચિદાકાશ અનંત સ્વચ્છ એકરૂપ મહાચિદાકાશ કૈવલ્ય અણીશુધ્ધ આરપાર જો હે સો હે.

હું પોતે અનંત પૂર્ણ પરબ્રહ્મ છું જો હે સો હે
સ્વયંસિધ્ધ સ્વયંપ્રકાશ સ્વયંપૂર્ણ સ્વસ્વરૂપ
અવિદ્યા વાસના ચિત્ત અહં જગત છેજ નહીં.

ભાગરહિત અનંત પૂર્ણ મહાચિદાકાશ છે
સ્વયંસિધ્ધ સ્વયંપ્રકાશ સ્વયંપૂર્ણ સ્વસ્વરૂપ
મહાચિદાકાશ સ્વયંપ્રકાશ સંપૂર્ણપ્રકાશ
આખું મહાચિદાકાશ અનંત સ્વચ્છ એકરૂપ
મહાચિદાકાશ કૈવલ્ય અણીશુધ્ધ આરપાર
મહાચિદાકાશ આખું એકલું સંપૂર્ણસંપૂર્ણ
મહાચિદાકાશ કેવળપણુજ કેવળપણુ
કૈવલ્ય મહાચિદાકાશ સહજ પૂર્ણ સ્વરૂપ
મહાચિદાકાશ અનંત પૂર્ણ સચ્ચિદાનંદ છે
કૈવલ્ય સદા એકરૂપ **ALL IS ONE**
આખું એકલું મહાસામાન્યેમહાસામાન્યજ છે
કૈવલ્ય પરમ નિર્મળતા પરમ શીતળતા
સાચો એક મહાચિદાકાશઆત્મા જે છે તે જ છે
મહાચિદાકાશ પરમપદ પૂર્ણવિશ્રાંતિ છે
મહાચિદાકાશઆત્મા નિર્વિવાદ પૂર્ણતત્ત્વ છે
મહાચિદાકાશ વાસ્તવિક સ્વરૂપ પૂર્ણશાંતિ
કેવળ સ્વસ્વરૂપ કેવળ મહાચિદાકાશ છે.

કેવળ સ્વસ્વરૂપ કેવળ મહાચિદાકાશ છે
સ્વયં મહાચિદાકાશ આખું એકલું પ્રકાશે છે
સ્વયંસિધ્ધ સ્વયંપ્રકાશ સ્વયંપૂર્ણ સ્વસ્વરૂપ
સ્વયં મહાચિદાકાશ મહાધાતુ મહાસામાન્ય
સ્વયં મહાચિદાકાશ મહાસત્તા મહાચૈતન્ય
સ્વયં મહાચિદાકાશ મહાઆનંદ મહાશાંતિ
સ્વયં મહાચિદાકાશજ સહજ નિર્વિકલ્પ છે
સ્વયં મહાચિદાકાશજ સ્વસંવેદ્ય સર્વત્ર છે
સ્વયં મહાચિદાકાશજ શિવ અમૃત તૃપ્તિ છે
સ્વયં મહાચિદાકાશજ એકજ અદ્વિતીય છે
સ્વયં મહાચિદાકાશજ આદિ અંત રહિત છે
સ્વયં મહાચિદાકાશજ પૂર્ણ સમ અસીમ છે
સ્વયં મહાચિદાકાશ ખુલ્લેખુલ્લું ચોખ્ખેચોખ્ખું છે
સ્વયં મહાચિદાકાશ સંપૂર્ણસંપૂર્ણ પ્રકાશ
ચિદાકાશ નિરંજન નિરાકાર નિર્વિકાર છે
સ્વયં મહાચિદાકાશપ્રકાશજ સાચો મહાત્મા
સાચા મહાત્માના સાન્નિધ્યમાત્રથીજ સાચી શાંતિ
વસિષ્ઠ રામ સ્વયંપ્રકાશ પૂર્ણવિશ્રાંતિજ છે
મહાચિદાકાશ કૈવલ્ય સ્વૈરવિહાર એકજ.